જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૨/૨૦૨૬ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૮૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૩ કેસ કરી, ૪૧ વ્યક્તિઓને ઝડપી, ૨૮૨ લીટર દેશી દારૂ, ૦૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૪૧૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૮૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૮૭/૨૦૨૬**

સાયબર ક્રાઈમઃ દશરથભાઈ જીવણલાલ પટેલ (ઉ.વ.૮૧) (રહે. આસ્થા વિલા બંગ્લોઝ પાર્ક વ્યુ ગ્રીન બંગલોની નજીક સાયન્સ સીટી સોલા) એ તા.૦૬/૦૨/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૨/૨૦૨૬ થી તા.૦૬/૦૨/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૭૩૭૭૯૬૩૧૪૯, ૯૪૭૬૨૬૦૮૬૧, ૭૩૭૭૬૮૭૫૨૭, ૭૩૭૭૨૬૯૨૬૭, ૭૦૭૧૯૬૨૫૨૩, ૯૯૬૫૫૬૩૧૮૬, ૯૪૮૮૦૮૦૭૧૬ અને ૮૩૦૭૧૩૧૫૨૮ ના ધારકોએ દશરથભાઈ પટેલને વોટ્સએપ કોલ કરી કોલાબા પોલીસ સ્ટેશન મુંબઈથી વાત કરતા હોવાનું જણાવી મની લોન્ડરીંગના કેસની તપાસ સીબીઆઈ દ્વારા ચાલી રહેલ છે જે કેસમાં દશરથભાઈ પટેલને એરેસ્ટ વોરંટ બતાવી દશરથભાઈ પટેલના બેંકમાં આવેલ ફંડ વેરીફાય કરી પરત આપવાનું જણાવી દશરથભાઈ પટેલના ખાતામાંથી તેઓના બેન્ક ખાતામાં આરટીજીએસ મારફતે કુલ રૂપિયા ૯,૪૦,૦૦૦/– મેળવી લઈ પરત નહી આપી છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી સી.ટી.દેસાઈ ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૮૮/૨૦૨૬**

એલિસબ્રિજઃ દેવાંગભાઈ વસંતભાઈ ભાવસાર (રહે. કામેશ્વર એપાર્ટમેન્ટ વિભાગ–૨ પંચદેવ મંદીર સામે એસ.એમ.રોડ આંબાવાડી નેહરુનગર) એ તા.૦૬/૦૨/૨૦૨૬ ના રોજ એલિસબ્રિજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૨/૨૦૨૬ કલાક ૧૧/૦૦ થી તા.૦૫/૦૨/૨૦૨૬ કલાક ૧૦/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન આંબાવાડી પરીમલ ગાર્ડની સામે, રંગકૃપા ચેમ્બર પહેલા માળે આવેલ ઈયર કેન હિયર ક્લીનીકમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ક્લીનીકમાંથી (૧) લેનોવો કંપનીનું લેપટોપ કિમત રૂપિયા ૫૦,૦૦૦ (૨) એપ્પલ કંપનીનું આઇપેડ કિમત રૂપિયા ૧૦,૦૦૦ (૩) હીઅરીંગ મશીન વાઇડેક્સ કંપની ૪૪૦ નંગ–૦૨ (૪) હીઅરીંગ મશીન વાઇડેક્સ કંપની ૩૩૦ નંગ–૦૧ અને (૫) બારનાફોન કંપનીના મશીન અંદાજે નંગ ૫–૭ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એચ.ડોડીયા ચલાવે છે.

ચાંદખેડાઃ ખુશાલભાઈ ગાંગાભાઈ મકવાણા (ઉ.વ.૫૯) (રહે. પ્રભુ ટેનામેન્ટ ગણેશ નર્સરી ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૨/૨૦૨૬ રાતના ૦૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જગમલભાઈ સુકાજી ચલાવે છે.

રામોલઃ અમીચંદભાઇ રામજીભાઇ પંચાલ (ઉ.વ.૭૦) (રહે. અંબિકાનગર અંબીકા હોટેલ પાછળ સી.ટી.એમ. અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૨/૨૦૨૬ બપોરના ૦૧/૩૦ વાગ્યાના સુમારે રામોલ આદેશ્વર એસ્ટેટ શેડ નંબર.૪૦ ખાતે પોતાની જાતે પોતાના શરીર ઉપર આગ લગાડી સળગી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.બી.ચોધરી ચલાવે છે.

વટવા જીઆઈડીસીઃ વિંઝોલ એરોમા–૫૬ ઓક્સીજનસીટી રોડ બંગ્લા નં.૪૯ ખાતે રહેતા નયનાબહેન ડો/ઓ વાઘજીભાઇ બારીયા (ઉ.વ.૧૮) (મુળ વતન. ગોરાડી ફળીયુ ગામ–ચીલાકોટા તા–લીમખેડા જી–દાહોદ) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૨/૨૦૨૬ કલાક ૧૧/૦૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે લોખંડની સીડી સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એસ.સુતરીયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી